હરિની દૃષ્ટિ...

તમારા સ્નાની હાલત જોઈને... અમને સાયકઈટીક ડોને નવું જાણવા મળ્યું... કે ઇન્ટરનેટના વપરાશ ચાલુ હોય તેના કરતાં બંધ થયા બાદ ગાંડપણ વધે છે...!!

પાટનગરના માર્ગો પદયાત્રીઓથી છલકાયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરના રાજમાર્ગો પરથી સાતમના દિવસે ૨૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓ પસાર થયા હતા. નગરમાંથી નાના-મોટા થઈ પંદરેકથી વધુ સંઘો પસાર થયા હતા. વરસાદી વાતાવરણમાં પણ શહેરના માર્ગો ભક્તોથી ઉભરાતા હતા. જય અંબે જય અંબેના નાદથી નગરનું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

ભાદરવી પૂનમે ચાલતા જતા ભક્તોની સંખ્યા વધુ છે. રાજ્યભરમાંથી પગપાળા શ્રદ્ધાળુઓ પૂનમના દિવસે અંબાજી ધામે પહોંચે છે. અંબાજી પૂનમના દિવસે માનવ મહેરામણ સર્જાય છે. અંદાજીત ૨૫ લાખથી વધુ ભક્તો એકઠા થાય છે. મા અંબાના દર્શન કરી ભક્તો ધન્યતા અનુભવે છે. રાજ્યભરમાંથી ચાલતા જતા યાત્રાળુઓ ગાંધીનગર શહેરમાંથી પસાર થાય છે. ગાંધીનગર મધ્યમાં હોવાથી અમદાવાદ, ખેડા, નડિયાદ, સુરત, વડોદરા, ભરૂચ સહિતના વિસ્તારોમાંથી પગપાળા જતા શ્રદ્ધાળુઓ સૌથી વધુ અહીંથી પસાર થાય છે. શહેરમાંથી સાતમના દિવસે નાના-મોટા થઈને ૧૫થી ૧૭ સંઘો પસાર થયા હતા. જેમાં સૌથી મોટો સંઘ ૨૭ ગામનો હતો. તેમજ સંઘ સિવાય અન્ય નાના સંઘો તેમજ અન્ય ભક્તો મળીને અંદાજીત ૨૫ હજારથી વધુ પગપાળા ભક્તો શહેરમાંથી પસાર થયા હતા. રવિવારની રજા અને વરસાદી માહોલ હોવા છતાં શહેરના માર્ગો 'જય અંબે' 'જય અંબે'ના નારાથી ગુંજી ઉઠ્યા હતા. સેવાકેન્દ્રો પર પણ ભક્તોની ભારે ભીડ જામી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયતની આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ગિયોડ અંબાજી મંદિર અને વાસણિયા મહાદેવ વાસન ખાતે આયુર્વેદિક ઉકાળા પીવડાવવામાં આવશે.

● અંબાજી જતા પદયાત્રીઓ માટે સુલભ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ બને તે માટે ચ-૩ અને રાંધેજા ચોકડી નજીક મનપાએ બે મોબાઈલ ટોયલેટ મુકયા.

● ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાતાં કચ્ચુ-પચ્ચુ નગર બન્યું.

● સચિવાલયના ગેટ નજીક મુકાયેલ ચ રોડ પરનું સોલાર ટ્રાફિક સિગ્નલ પડી જાય તેવી સ્થિતિમાં ઉભુ હોવાથી લોકજીભે ચર્ચાનો મુદ્દો બન્યો છે કે આ તો પડિ નહિ જાયને!!

● પંચાયતની ચૂંટણી માટે મતદાર યાદી સુધારણા ઝુંબેશ બાદ આજે તેની આખરી પ્રસિધ્ધિ કરવામાં આવશે.

● દહેગામના પત્રકાર શ્રી હસમુખ આચાર્ય પર હૃદયરોગનો હુમલો આવ્યો છે તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા છે.

● ગાંધીનગરના વકીલો દ્વારા અંબાજી જતા પદયાત્રી માટે વસંત વગડા નજીક સેવા કેન્દ્ર શરૂ કરાયું છે.

આજે જીપીએસસી સામેની ત્રણ રીટની હાઈકોર્ટમાં સુનાવણી

ગાંધીનગર, તા.૨૦

જીપીએસી પરીક્ષા પ્રકરણ મામલે આજે ગુજરાત હાઈકોર્ટમાં મહત્વ પૂર્ણ ત્રણ કેસો પર સુનાવણી હાથ ધરવામાં આવશે. ત્યારે જીપીએસસીની પરીક્ષા આપનાર ઉમેદવારો આતુરતા પૂર્વક સુનાવણીની રાહ જોઈ રહ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગે તાજેતરમાં જીપીએસસીની વર્ગ-૧-૨ની પ્રિલીમ પરીક્ષાનું પરીણામ જાહેર કરતા અનેક ઉમેદવારોમાં અસંતોષની લાગણી જોવા મળી હતી. આથી અંતુષ્ટ ઉમેદવારોએ ન્યાય માટે પ્રિલીમ પરીક્ષામાં થયેલા છબરડા અને ગેરરીતિ તેમજ પરીક્ષામાં ૧૨ ગણાના બદલે ૬ ગણા જ પાસ કર્યા મામલે ગુજરાત હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી હતી ત્યારે આજે આ ત્રણેય મામલાની રીટની એક સાથે સુનાવણી હાથ ધરવામાં આવશે જેની ઉમેદવારો અને અસંતુષ્ટો રાહ જોઈ રહ્યા છે.

રાજભવન ખાતે 'સ્વાસ્થ્ય, આયુર્વેદ, યોગ અને આધ્યાત્મ' વિષય પર યોજાયેલ પરિસંવાદ

અમદાવાદ, તા. ૨૦

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે, ભારતીય ચિકિત્સા પદ્ધતિઓનું જ્ઞાન લોકોને સહજ અને સરળતાથી પ્રાપ્ત થાય એ માટેના આપણા પ્રયાસો હોવા જોઈએ. તેમણે કહ્યું કે, આર્યુવેદ, યોગ, આધ્યાત્મ તથા પ્રાકૃતિક ચિકિત્સા અને ઉપચારો આધુનિક જીવનશૈલીને કારણે થતા રોગોના ઉપચાર માટે પ્રચલિત બની રહ્યાં છે. ત્યારે આ ક્ષેત્રમાં પણ આપણે નવા નવા સંશોધનો અને આવિષ્કારોને પ્રાધાન્ય આપવું જોઈએ. રાજ્યપાલશ્રીએ ગઈકાલે રાજભવન ખાતે ભારતીય ઔષધ અને હોમિયોપેથી પદ્ધતિ નિર્દેશાલય ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત આયુર્વેદ, યોગ અને આધ્યાત્મ વિષય પર યોજાયેલા પરિસંવાદમાં ઉદબોધન કરી રહ્યાં હતાં.

તેમણે જણાવ્યું હતું કે, યોગ અને આયુર્વેદના સમન્વયથી સ્વાસ્થ્ય સંબંધી અનેક વ્યાધિઓના ઉપચાર કરી શકાય છે. યોગ મનની શક્તિ પ્રજવલ્લીત કરવાની અને તેને ઉર્ધ્વમુખી બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકે છે. આપણી ભારતીય ચિકિત્સા પદ્ધતિઓમાં યોગનું મહત્વ જણાવાયું છે. તેમણે કહ્યું હતું કે, ભક્તિ પણ એક પ્રકારનું ચિકિત્સાશાસ્ત્ર છે. એ આપણને આપણા આરાધ્ય દેવ સાથે જોડવાનો એક આધ્યાત્મિક માર્ગ છે. પરમાનંદમાં સંમિલિત નું થવાનો પથ છે.

રાજ્યપાલશ્રીએ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય કેળવી લોકો પોતાની જીવનશૈલી અપનાવશે તો માનસિક તનાવ, અવસાદ કે હતાશા જેવા રોગો સામે રક્ષણ મેળવી શકશે. માનસિક-શારીરિક સ્વાસ્થ્ય માટે એ ખૂબ જ આવશ્યક છે. રાજ્યપાલશ્રીએ સ્વાસ્થ્ય, આયુર્વેદ, યોગ અને આધ્યાત્મ ઉપર પરિસંવાદ યોજવા માટે ભારતના ઔષધ અને હોમિયાપેથી નિર્દેશાલય અને તેની સાથે જોડાયેલા અન્ય સહયોગીઓને અભિનંદન આપ્યા હતા અને કહ્યું હતું કે, આવી વિચારગોષ્ઠીઓ જનજાગૃતિ માટે મહત્વનું પ્રદાન કરી શકે તેમ છે. રાજ્યપાલશ્રીએ ડૉ. વિનુભાઈ પટેલ લિખિત પુસ્તિકા 'યોગદર્શન અને સરળ યોગાસાનો'નું પણ વિમોચન કર્યું હતું.

ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેક્ટર-૧-બી પ્લોટ નં. ૩૫૬/૧ ખાતે રહેતા શૈલેષભાઈ દયાળજીભાઈ સૂચક (ઉં.વ. ૫૫)નું તા. ૧૭-૯-૧૫ના રોજ અવસાન થતાં તેમના કુટુંબીજન કીરીટભાઈ ઠક્કરની સહમતીથી ચક્ષુદાન કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં તબિબિસેવા મીત પસરા તેમજ જુ.સિ.કા.ના કાર્યકર દિનેશ દવે, અશોકભાઈએ સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્યમાં સુકેતુ મહેતાએ સેવા પુરી પાડી હતી.

"ખાદી ઉત્સવ-૨૦૧૫-૧૬" પ્રદર્શન સહ વેચાણ મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા ૨૪ દિવસીય રાષ્ટ્રીય કક્ષાના 'ખાદી ઉત્સવ-૨૦૧૫-૧૬' મેળાનું એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ ટી.વી. ટાવર પાછળ બોડકડેવ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ ખાદીમેળામાં અન્ય રાજ્યોમાંથી પણ સંસ્થાઓ જોડાશે. ખાદી ઉત્સવનું ઉદ્ઘાટન ૨ ઓક્ટોબર ગાંધી જયંતિના દિવસે સાંજે ૬.૩૦ કલાકે કરવામાં આવશે. ખાદી ઉત્સવ ૨૦૧૫-૧૬ની થીમ ગાંધી વિચારધારા ઉપર થીમ પેવેલીયન રાખવામાં આવેલ છે. રાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શનમાં ગુજરાત તથા અન્ય રાજ્યની ગ્રામોદ્યોગની સંસ્થાઓ સુતરાઉ, રેશમ, ગરમ તથા પોલી ખાદીના કાપડ તથા વસ્ત્રોનું વેચાણ કરશે. ૨ ઓક્ટોબરથી ૨૫ ઓક્ટોબરે યોજાનાર આ ખાદી ઉત્સવમાં રજાના દિવસોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા છે. ખાદીને પ્રોત્સાહન પુરૂ પાડવા આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાદી રસિકો મુલાકાત લઈ વિવિધ ખાદીની ચીજવસ્તુઓ ખરીદી કરશે.

સાદરા ખાતે વિશ્વ સાક્ષરતા દિવસ અને રાષ્ટ્રીય હિન્દી સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરા ખાતે વિશ્વ સાક્ષરતા દિવસ અને રાષ્ટ્રીય હિન્દી સપ્તાહની ઉજવણી કરવામાં આવીહતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા વિશ્વ સાક્ષરતા દિવસની ઉજવણી અન્વયે વિશ્વમાં નિરક્ષરતા સમસ્યા અને તેના ઉકેલ માટેના વિષયો પર વિસ્તૃત માહિતી અધ્યાપક શૈલેન્દ્રભાઈ વાઘેલાએ આપી હતી. જ્યારે વિદ્યાર્થીની સંગીતા વાળા અને જ્યોતિ મકવાણા, સાક્ષરતા શિક્ષણના ગીતોની સુંદર પ્રસ્તુતી કરી હતી. જ્યારે સ્વયંસેવકોએ કેવી રીતે લોકોને સાક્ષર કરવામાં મદદ કરવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે હિન્દી દિવસની ઉજવણી અન્વયે મહા વિદ્યાલયના બધાજ વિદ્યાર્થીઓએ હિન્દી ભાષાનો પ્રયોગ દિનચર્યામાં દિવસ દરમિયાન કર્યો હતો. ડૉ. વિક્રમસિંહ અમરાવતે

સંવિધાનમાં આવેલી ભાષાઓનું સમ્માન વિશે સરસ વાત કરીને ભાષાઓ પર ચાલતી રાજનીતી વિશે પ્રકાશ પાડ્યો હતો. જ્યારે ડૉ. ગાયત્રીદત્ત મહેતાએ વર્તમાન સમયમાં હિન્દી અને અન્ય ભાષાની સ્થિતિ વિશે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. જગદીશચંદ્ર સાવલીયા સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ ગીતાબહેન પટેલે કરી હતી. કાર્યક્રમનું આયોજન પ્રભુલાલ કાસુન્દ્રાએ કર્યું હતું. સુતરની આંટીથી મહેમાનોનું સ્વાગત આકાશ રામી, રાજુભાઈ ભૂતિયા, હરેશભાઈ સિંધવ અને અમિતભાઈ ભુરાણીએ કર્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું.

ટાઉનહોલ ખાતે આરંગેત્રમ્નો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર ટાઉનહોલ ખાતે અનુગ્રહ નૃત્યાંજલી ચાંદખેડા દ્વારા આરંગેત્રમ યોજાયો હતો. જેમાં અમદાવાદની ત્રણ વિદ્યાર્થીનીઓએ શાસ્ત્રીય નૃત્ય શૈલીમાં શિવજી, ક્રિષ્ના અને મા સરસ્વતીની આરાધના સુંદર રીતે રજુ કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ ચાંડખેડા વિસ્તારમાં આવેલી અનુગ્રહ નૃત્યાંજલિ ક્લાસમાં અર્પણા નાયર ઉં.વ.૧૫, જુહીખાન ચંદાણી ઉં.વ.૧૭, વૈશાલી ભાલેરાવ ઉં.વ.૧૬ ભારત નાટ્યમની તાલિમ મેળવી રહી હતી. ભારત નાટ્યમ શાસ્ત્રીય નૃત્ય શૈલીમાં સાત વર્ષ સુધી સાધના કરવામાં આવે છે. અને ત્યાર બાદ ગુરૂજી તેને પોતાના હસ્તે પદવી એનાયત કરે છે. તેને આરંગેત્રમ કહે છે. અનુગ્રહ નૃત્યાંજલીની વિપીતા

ટીચર દ્વારા આ ત્રણેય વિદ્યાર્થીને તાલીમ આપીને તેમના ગુરૂ મહેશ્વરી નાગરાજને વધુ તાલિમ આપી હતી. ટાઉનહોલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં દોઢ કલાથી વધુ સમયમાં શિવજી, ક્રિષ્ણ અને સરસ્વતિદેવીની શાસ્ત્રીય નૃત્ય દ્વારા ત્રણેય વિદ્યાર્થીનીઓએ સાધના કરી હતી. સાત વર્ષની કઠીન સાધના બાદ પ્રથમ સ્ટેજ પુરૂ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમને ગુરૂ મહેશ્વરી નાગરાજન દ્વારા શાસ્ત્રીય નૃત્યની પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં નૃત્ય રસિકો હાજર રહ્યા હતા.

રાજ્યભરમાં સાર્વત્રીક વરસાદ થતાં કૃષિ પાકોને મળેલુ જીવતદાન

રાજ્યમાં સાર્વત્રીક વરસાદ થતાં કૃષિ પાકોને જીવતદાન મળવા પામ્યું છે. વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

છેલ્લા કેટલાક સમયથી વરસાદ ખેંચાતા કૃષિક્ષેત્રે ચિંતાનું વાતાવરણ ઉભુ થવા પામ્યું હતું કે જો વરસાદ હવે નહી આવે તો ખેડૂતોએ વાવેલ ઉભા પાકને ભારે નુકશાન થશે તેવી ભીતી વ્યક્ત કરવામાં આવી રહી હતી.

જો કે લાંબા વિરામ બાદ રાજ્યમાં સાર્વત્રીક મેઘરાજાએ પધરામણી કરતાં ઉભા પાકને જીવતદાન મળી જતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં સાર્વત્રીક વરસાદ થતાં કેટલાક પાકોને જીવતદાન મળતાં કૃષિ ઉત્પાદન વધવાની આશાઓ વ્યક્ત કરવામાં આવી છે.

ગણેશ ઉત્સવમાં યોજાયો ગઝલોત્સવ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના ગણેશોત્સવમાં વિવિધ આયોજનો દ્વારા શ્રદ્ધાળુઓ પોતાની ભક્તિ અને શ્રદ્ધાની પ્રતિતિ કરાવી રહ્યા છે. સે. ૮માં રહેતા સંજય થોરાતના નિવાસસ્થાને ગણપતિ ઉત્સવમાં ગુજરાતી કવિઓના ગઝલ પઠનનો અદ્‌ભૂત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જાણીતા કવિઓ કિશોર જીકાદરા, ભાવેશ ભટ્ટ, ચંદ્રેશ મકવાણા 'નારાજ', અનિલ ચાવડા સહિત કવિઓએ તેમની કૃતિઓ પ્રસ્તુત કરી હતી.

કાર્યક્રમનું સંચાલન પુલકભાઈ ત્રિવેદીએ સુપેરે સંભાળ્યું હતું અને દરેક કવિની આગવી ઓળખ, તેમના વિશેના અભિપ્રાયો તેમજ સિદ્ધિઓ વર્ણવતા એક પછી એક કવિને પ્રસ્તુત કર્યા હતા. સૌ પ્રથમ ગાંધીનગરના ઘરેણા સમાન કિશોર જીકાદરાને પ્રારંભ કરવાની જવાબદારી સોંપાઈ હતી. કિશોર જીકાદરાએ તેમની 'પતંગિયાને ફાળ પડી કે ફૂલોથી રસ ઉડી જશે' ગઝલ રજૂ કરી હતી. શ્રોતાઓની તાળીઓ અને દાદ વચ્ચે તેમણે પ્રસ્તુત કરેલા હૃદયસ્પર્શી શેર દ્વારા માહોલની જમાવટ થઈ હતી. 'ચુંટુ ત્યારે હાથ તમારો કેમ ધ્રુજે છે, અઘરા પ્રશ્નો કાયમ ફૂલ અમને પૂછે છે' અને 'સમય નામનું બાળક ફરી વંકાયું છે, હળવા હાથે તેડુ તોય પોક મૂકે છે' જેવી પંક્તિઓ શ્રોતાઓને વાહ વાહ પોકારવા મજબૂર કરી મુકતી હતી. ત્યારબાદ યુવા કવિ ભાવેશ ભટ્ટે પણ 'કોઈ ક્યારેય ઉદાસ ના થાય, અને થાય તો મારી આસપાસ ના થાય' તેવી હૃદયસ્પર્શી વાત સાથે પ્રારંભ કરી એક પછી એક ચોટદાર ટુંકી કૃતિઓ રજુ કરી શ્રોતાઓને ડોલાવ્યા હતા. તેમના શેર એ રીતે ભીંત શણગારો, કે બીજી કોઈ ભીંત નાસીપાસ ના થાય' અને 'જો ગણો તો એટલા લોકો નથી, જેટલા વસ્તીમાં આગેવાન છે.' રાજ્યના પ્રવર્તમાન માહોલને તાદશ્ય કરતા હતા.

ભાવેશ ભટ્ટ બાદ ચંદ્રેશ મકવાણા નારાજે તેમની કૃતિ 'તારી થપ્પડને ગાલ આપુ હું, આથી ઝાઝુ શું વ્હાલ આપું હું !' થી ધમાકેદાર પ્રારંભ કર્યો હતો. તેમણે ઈશ્વરને પણ ના બક્ષતા કહ્યું કે 'એય આધ્ય જાતથી ડરતો હશે, એટલે જ આકાશમાં ફરતો હશે,' 'જેમાં પરાણે એક શ્રીફળ સમાતુ નહોતુ, તે ગોખલામાં ઈશ્વર ઘણા હતા.' વધુ એક યુવા કવિ અનિલ ચાવડાએ 'આથમી ચુક્યો છું એવુ નથી, અને ઉગ્યો છું એવું પણ નથી'થી શરૂઆત કરતા ચોટદાર કૃતિઓ રજૂ કરી ભારે દાદ મેળવી હતી. 'થાય જો ભૂલ મિત્રોની તો માફ કર, જીભ કચડાય તો દાંત તોડાય નહી' અને 'ધર્મ માટે આ જમીનો કેટલી ફળદ્રુપ છે, ક્યાંક કંકુ ખરે તો દેવાલય ઉગે છે' જેવી માર્મિક વાતોથી મન મોહી લીધા હતા. અનિલ ચાવડા બાદ શ્રોતા બની આવેલા કવિ ધૈવત શુકલને આગ્રહ કરાતા 'આંખો છે કે કોરી વાછટ, હૈયામાં ચાલે કટકટ' વગેરે કૃતિઓ પ્રસ્તુત કરી હતી. તમામ કવિઓનો શ્રોતાઓના આગ્રહ પર બીજો રાઉન્ડ પણ યોજાયો હતો. જેમાં પણ ઘણા તિખારા જોવા મળ્યા હતા. બીજા રાઉન્ડમાં અનિલ ચાવડાએ 'આંસુ છે આંખની ફેશન, તમે રડ્યાં કોન્ગ્રેચ્યુલેશન્સ' અને ભાવેશ ભટ્ટે 'જે વૃક્ષની નીચે ધમધોકાર ચાની કીટલી ચાલતી હતી, તે વૃક્ષને રોજ એમ થતુ કે આ કટીંગ એટલે શું ?' વડે મહેફિલમાં જમાવટ કરી દીધી હતી. અંતમાં સંજયભાઈ થોરાતે પણ તેમની કૃતિઓ ભક્તોએ ભારે કરી અને ડાર્લિંગ ઘણુ થયું પ્રસ્તુત કરી હતી. જ્યારે તેમની નાનકડી દિકરી અનન્યાએ જુના હિન્દી ફિલ્મી ગીતોની મેલડી પ્રસ્તુત કરી ઉપસ્થિત તમામના મન મોહી લીધા હતા.

સંજય થોરાતના નિવાસસ્થાને ગણેશ ઉત્સવ દરમ્યાન ગુજરાતી કવિઓના ગઝલ પઠનનો કાર્યક્રમ યોજાયો

(તસવીર : સમીર રામી)

દ્વારકેશ રેસીડેન્સીમાં ગણેશોત્સવ અંતર્ગત રકતદાન શિબિર યોજાઈ

કુલ ૨૭ બોટલ રકત એકત્ર કરાયું : વીસેક જેટલી બોટલ સાથે મહિલાઓ અગ્રેસર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના ક રોડ પર દ્વારકેશ રેસીડેન્સી ખાતે તહેવારોની ઉજવણી અનોખી રીતે કરવામાં આવે છે. આ વર્ષે ગણેશ ઉત્સવની ઉજવણી બેટી બચાવો-બેટી પઢાઓ થીમ આધારિત કરાઈ રહી છે. આ સાથે વિવિધ સેવાકીય પ્રવૃત્તિ પણ હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત આજે સવારે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌથી વધુ મહિલાઓએ રકતદાન કર્યું હતું.

દ્વારકેશ રેસીડેન્સી ખાતે ગણેશોત્સવ નિમિત્તે યોજાયેલ રકતદાન શિબિરમાં સોસાયટીની મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લેતા કુલ ૨૭ બોટલ રકત એકત્ર કરાયું હતું. જેમાં ૨૦ બોટલ રકતદાન મહિલાએ કર્યું હતું. રકતદાન શિબિરના આયોજનમાં સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકના કર્મચારીઓએ રકત એકત્ર કરવાની સેવાઓ આપી હતી. બેટી બચાઓ-બેટી પઢાઓ થીમ આધારિત યોજાયેલ ગણેશ ઉત્સવમાં દરરોજ આરતી દરમિયાન સોસાયટીની બાળાઓ દ્વારા તે અંગે વિવિધ સુત્રો પોકારવામાં આવે છે. આ ઉપરાંત ગઈ કાલે સાંજે સોસાયટીના દરેક ઘરેથી સુખડીના મહાપ્રસાદ સાથે મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.